# દુકાળમાં ગરીબોનો બેલી

ગુજરાત માથે આફત ઊતરી. ત્રણ ત્રણ વર્ષ કોરાં, વરસાદનું એક ટીપુંયે વરસ્યું નહીં. આકાશમાં વાદળ છવાયાં નહીં. લોકોએ મેઘરાજાને મનાવવા કંઈ કંઈ પ્રાર્થનાઓ કરી, પણ વરસાદ ન વરસ્યો તે ન જ વરસ્યો !

ખેડૂતો કંગાલ બની ગયા. વહાલા પશુઓને શિંગડે ચિઠ્ઠીઓ બાંધી ભગવાન ભરોસે છોડી મૂક્યાં.

નદી–નાળાં, કૂવા–તળાવો સુકાઈ ગયાં. પાણી અને અનાજની કારમી અછત ઊભી થઈ. લોકો એક મુઠ્ઠી અનાજ માટે વલખા મારવા લાગ્યા !

લોકો ત્રણ ત્રણ વર્ષથી આભ સામે મીટ માંડી જોતા હતા. બધી જ આશા ઠગારી નીવડી. મેઘરાજાનાં રૂસણાં જોઈ એમની આંખો સૂકીભઠ બની ગઈ.

આવો કારમો દુકાળ ગુજરાત માથે ક્યારેય પડયો નહોતો. કુદરત જાણે રૂઠી હતી.

એ વખતે ગુજરાતનું પાટનગર પાટણ. રાજાએ અનાજના કોઠારો ખુલ્લા મૂકી દીધા. પણ આ તો ત્રણ ત્રણ વર્ષનો કાળ......રાજાના ધનના ભંડાર ખાલી થઈ ગયાં. હવે તે અનાજ ક્યાંથી લાવે ? લોકો કોને આશરે જાય ? અનાજ વગર ટળવળતા લોકોને મુઠ્ઠી ધાન કોણ આપે ?

પરંતુ એવામાં એક બેલી મળી આવ્યો. એ કોઈ રાજા નહોતો કે નહોતો કોઈ જાગીરદાર....એ હતો એક વેપારી. એનો વેપાર દેશના ખૂણે–ખૂણે ચાલતો હતો. એની પેઢીની ભારે મોટી શાખ.

એ વેપારીને લોકો જગડુશા કહેતા. એમની પોઠો દેશ–દેશાવરથી અનાજ લાવતી હતી.

ગુજરાત માથે દુકાળનો કારમો પંજો ફરી વળ્યો હતો. તે જાણી એમનું મન પણ દુ:ખી. દાનવીરતા.....લોકો બે મોઢે વખાણ કરે !

ગરીબનો બેલી જગડુશા જાણે ભગવાન બની આવ્યો. રાજાના ભંડાર ખાલી. જગડુશાના ભંડાર ભરેલા હતા. રાજાએ વાત જાણી ત્યારે આનંદ થયો. તેમને થયું કે મારા રાજ્યમાં આવો દાનવીર શેઠ. મારું નાક રાખ્યું ગણાય.

મારા રાજ્યમાં વસે અને હું ન ઓળખું? રાજાએ જગડુશાને મળવા બોલાવ્યા.

બીજા દિવસે કચેરી ભરાણી. રાજાના દરબારમાં જગડુશા આવ્યા. રાજાએ ઊભા થઈ માન આપી દીધું. પડખે આસન દીધું. પાટણના રાજાની પડખે જગડુશા એક જાણે ધરમ અને બીજો દયાળુ. ચાંદ–સૂરજ જેમ બેઉ શોભી રહ્યા. કચેરીના લોકો વખાણ કરવા લાગ્યા.

થોડીવારે રાજા ઊભા થયા. જગડુશાનાં વખાણ કરતાં કહે, 'જો આપણાં રાજ્યમાં જગડુશા જેવા દાનવીર વેપારી ન હોત તો અડધી પ્રજા અનાજ વગર ટળવળીને ભૂખે મરી જાત ! મને ગર્વ છે કે મારા રાજ્યમાં આવા દાનવીર ને દયાવાન શેઠિયા છે.'



'મહારાજ, હું તો એક સામાન્ય વેપારી છું. મારી પાસે જે કાંઈ છે તે બધું પ્રજાનું આપેલું જ છે, એમાં મારું ક્યાં કાંઈ છે ?'

રાજાને નવાઈ લાગી, 'એ કેવી રીતે ?'

જગડુશા ઊભા થઈ ખૂબ જ વિનમ્ર ભાવે તાકી રહ્યા.

શેઠની વાતમાં કંઇક રહસ્ય છે. સૌ મૂંગા બની વિચારવા લાગ્યા.

શેઠ સૌને ચૂપ જોઈ કહે, 'મહારાજ, આપ આપના સિપાઈઓને ભંડાર પર મોકલો. એટલે મારી વાતની ખાતરી થશે.'

રાજાએ સૈનિકો દોડાવ્યા, ઠેર ઠેર અનાજના ભંડારોની તપાસ થવા લાગી. બધા જ કોઠારો ખોલેલા હતા, પરંતુ દરેક ઠેકાણે એક એક તાંબાનું પતરું હતું. 'આ અનાજના સાચા માલિકો તો ગુજરાતના ગરીબ લોકો છે.'

રાજાના માણસો લખાણ વાંચી આભાજ બની ગયા. દોડતા રાજા પાસે આવ્યા. તાંબાના પતરે લખાણની વાત કહી.

રાજા તો આનંદવિભોર બની ગયા. તેઓ ઊભા થઈ શેઠને ભેટી પડયા. તેમણે કહ્યું, 'જગડુશા, લોકો રાજાને ભલે ગરીબોના બેલી માને! પણ ખરા બેલીને મદદગાર તો તમે જ છો! ધન્ય છે તમને......'

■